# મૂલ્યાંકન કાર્યાલય,
# ગુજરાત રાજ્ય, ગાંધીનગર
# વાર્ષિક વહીવટી અહેવાલ
# ૨૦૧૨-૨૦૧૩

## ૧. મૂલ્યાંકન કાર્યાલયની સ્થાપનાની પૂર્વભૂમિકા-

૧.૧ આયોજન પંચના તાત્કાલિક સભ્ય ડૉ. વી.કે.આર.વી રાવના અધ્યક્ષપણા હેઠળ સ્થાપેલ વર્કીંગ ગૃપ ઓન ઇવેલ્યુએશન ઇન ધી સ્ટેટસ, ૧૯૬૪ ની ભલામણોના અનુસંધાને દેશના વિવિધ રાજ્યોમાં મૂલ્યાંકન તંત્રો ઉભા કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યમાં પણ સદરહુ ભલામણોના અનુસંધાને સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના ઠરાવ ક્રમાંક:મલક/૧૦૬૫/૧૮૯૯/ખ,તા.30-03-૧૯૬૫ થી મૂલ્યાંકન કાર્યાલયની રચના કરવામાં આવેલ. આ કાર્યાલય તા.૦૮/૦૭/૧૯૯૧ સુધી કચેરીના વડા તરીકે કામગીરી બજાવતું હતું. પરંતુ કાર્યાલયની કામગીરી તથા જવાબદારીઓમાં ઉતરોત્તર થયેલ વધારાને ધ્યાને લેતાં આ કાર્યાલય તા.૦૯/૦૭/૧૯૯૧ થી સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના સીધા અંકુશ હેઠળ ખાતાના વડાની કચેરી તરીકે કામગીરી કરી રહેલ છે.

## ૨. મૂલ્યાંકન કાર્યાલયની કામગીરી:-

**૨.૧** મૂલ્યાંકન કાર્યાલયની મૂળભૂત કામગીરી રાજ્ય સરકાર દ્વારા આયોજીત વિકાસ કાર્યક્રમો/યોજનાઓ પૈકી પસંદ કરવામાં આવે તેવી યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસો હાથ ધરવાના અને રાજ્ય સરકારના જુદા જુદા વિભાગ/ખાતા દ્વારા આયોજીત યોજનાઓ પૈકી જે યોજનાઓની કામગીરી સોંપવામાં આવે તે યોજનાઓની નાણાકીય જોગવાઇ, ખર્ચ તથા ભૌતિક લક્ષ્યાંક અને સિધ્ધિ, લક્ષ્યાંક પ્રમાણે પરિપૂર્ણ થાય છે કે કેમ તેની સમીક્ષા કરવાનું છે. તદ્‌ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા કોઇ યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ અગ્રિમતાના ધોરણે (Quick Study ) હાથ ધરવાનું જણાવવામાં આવે તો તે અભ્યાસ અગ્રિમતાના ધોરણે હાથ ધરવાનો થાય છે.

**૨.૨** મૂલ્યાંકન અભ્યાસોનો મૂળભૂત હેતુ વિવિધ યોજનાઓ/કાર્યક્રમો જે હેતુઓ માટે હાથ ધરવામાં આવે છે તે હેતુઓ કેટલે અંશે સિધ્ધ થયા છે તેની જાણકારી પૂરી પાડી અમલ સુદ્રઢ કરવા માટે જરૂરી સુધારાત્મક પગલાંઓ સૂચવવાનો છે. વધુમાં અભ્યાસો દ્વારા અમલમાં મુકાયેલ યોજનાઓનો લાભ કેટલે અંશેલક્ષિત જૂથો સુધી પહોંચ્યા છે, અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ તથા જણાયેલ ત્રુટિઓ નિવારવા જરૂરી સુધારાત્મક ઉકેલ મેળવવાનો છે, આમ મૂલ્યાંકન દ્વારા મેળવેલ સચોટ તારણો સરકારશ્રી હસ્તકના વિવિધ કાર્યક્રમો માટે સુધારાત્મક પગલાં લેવા માટે અને નીતિ વિષયક નિર્ણયો લેવા માટે ઘણા જ ઉપયોગી નીવડે છે.

**૨.3** મોટી રકમની જોગવાઇવાળા કાર્યક્રમો, ગરીબી નિવારણ અને રોજગાર વૃધ્ધિના કાર્યક્રમો, પછાત વિસ્તારો અને નબળા વર્ગ માટેના ખાસ કાર્યક્રમો, અમલમાં મંદગતિ, વિલંબ, અવરોધો અને મુશ્કેલીઓ દર્શાવતા હોય તેવા તથા પ્રાયોગિક પ્રકારના બધા પ્રોજેકટો અને કાર્યક્રમોને મૂલ્યાંકન માટે પસંદ કરવામાં અગ્રીમતા આપવામાં આવે છે કે જેથી સમયસર સુધારાત્મક પગલાં લઇ આયોજન પ્રમાણેના લક્ષ્યાંકો સમયસર સિધ્ધ કરી શકાય.

**૨.૪** મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરતાં પહેલાં યોજનાનો હેતુ તેમજ તેને લગતી તમામ પ્રાથમિક માહિતીનું એકત્રીકરણ કરવુ, અભ્યાઆસના હેતુઓ નક્કી કરવા તથા સ્ટડી ડીઝાઇન તૈયાર કરી નિયત નિદર્શન પધ્ધેતિથી ક્ષેત્રિય કામગીરી દ્વારા માહિતી એકત્ર કરી, ચકાસણી, સંકલન તથા પૃથ્થકરણ કરી તારણો અને સુધારાત્મક સુચનો સહિત મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવામાં આવે છે. મૂલ્યાંકન અહેવાલ તૈયાર થયા બાદ સંબંધિત વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીના અધ્યક્ષસ્થાને રચવામાં આવેલ ખાતાકિય મૂલ્યાંકન સમિતિ સમક્ષ અહેવાલનું પ્રેઝન્ટેશન રજુ કરી તેની ઉપર ચર્ચા કરવામાં આવે છે. ત્યાર બાદ સદરહુ અભ્યાસ અધિક મુખ્ય સચિવશ્રી (આયોજન) ના અધ્યક્ષસ્થાને રચાયેલ મૂલ્યાંકન સંકલન સમિતિની બેઠકમાં અહેવાલનું પ્રેઝન્ટેશન રજુ કરી અહેવાલ પર વિગતવાર ચર્ચા કરવામાં આવે છે. મૂલ્યાંકન સંકલન સમિતિ દ્વારા અહેવાલ ગ્રાહ્ય રાખેથી અહેવાલ પ્રકાશિત કરી સંબંધિત વિભાગ/ખાતાને ઘટતી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે. અધિક મુખ્ય સચિવશ્રી (આયોજન)ના અધ્યક્ષપણા હેઠળની મૂલ્યાંકન સમિતિ અહેવાલની ભલામણો પર લેવાયેલ અનુવર્તી પગલાંની પણ સમયાંતરે સમીક્ષા કરે છે.

**૨.૫** મૂલ્યાંકન કાર્યાલયના ઉપલબ્ધ માનવ સંશાધન પરિસ્થિતિને લક્ષમાં લેતાં વર્ષ દરમ્યાન વધુ અભ્યાસો હાથ ધરી સમયસર સુધારાત્મક પગલાં લઇ શકાય અને નિયત સમય મર્યાદામાં નિશ્ચિત લક્ષ્યાંકો સિધ્ધ કરી શકાય તે માટે અમુક અભ્યાસો બાહ્યસ્ત્રોતથી ગુજરાત સામાજીક આંતર માળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી (GSIDBS)મારફતે પણ હાથ ધરવામાં આવે છે.

**૨.૬** રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની મૂલ્યાંકન કરવાની સાથે સાથે ચાવીરૂપ યોજનાઓના નાણાંકીય  અને ભૌતિક લક્ષ્યાંકો નિયત સમય મર્યાદામાં સિધ્ધ કરી શકાય તે માટે યોજનાઓનું સતત વિનિયમન કરવું આવશ્યક છે. નિયત સમય મર્યાદામાં ઠરાવેલા લક્ષ્યાંકો સિધ્ધ કરી શકાય, વિવિધ યોજનાઓનું યોગ્ય અમલીકરણ થાય તથા યોગ્ય રીતે યોગ્ય દિશામાં પ્રગતિ થાય છે કે કેમ તેની મૂલવણી કરી જરૂર જણાય ત્યાં આયોજનમાં સમયોચિત વ્યૂહાત્મક ફેરફારો કરવાનો તથા વિવિધ કલ્યાણ કાર્યક્રમોના ઘડતરમાં મદદરૂપ થવાનો મૂળભૂત ઉદ્દેશ છે.

**૨.૭** વર્ષ ૨૦૦૭-૦૮થી રાજ્યની યોજનાકીય કામગીરીમાં વિનિયમનની કામગીરી પણ મૂલ્યાંકન કાર્યાલયને સોંપવાનો નિર્ણય લેવાયેલ છે. જે કામગીરી માટે મૂલ્યાંકન કાર્યાલયમાં મોનીટરીંગ સેલની રચના કરવામાં આવી છે.

**૨.૮** આમ સમગ્ર રીતે જોતાં મૂલ્યાંકનની કામગીરી વિકાસ પ્રવૃતિની સર્વાંગી સમીક્ષા કરી તેની અસરકારકતા વધારવામાં એક ખૂબ જ અગત્યની પ્રક્રિયા બની રહે છે.

## 3. મૂલ્યાંકન પ્રક્રિયાની વધતી જતી જરૂરિયાત

3.૧ આર્થિક અને સામાજિક વિકાસ માટે પ્રથમ પંચવર્ષીય યોજનાથી અત્યાર સુધીની યોજનાઓ હેઠળ મૂડીકરણ/ખર્ચ ઉતરોત્તર વધતું રહ્યુ છે, જે નીચેની વિગતો પરથી જોઇ શકાશે

(રૂ.કરોડમાં)

| અ.નં | યોજના | નાણાંકીયજોગવાઇ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | બીજી પંચવર્ષીય યોજના (૧૯૫૬-૬૧) | ૧૪૬ | ૧૫૦ |
| ૨ | ત્રીજી પંચવર્ષીય યોજના (૧૯૬૧-૬૬) | ૨૩૭ | ૨૪૦ |
| 3 | વાર્ષિક યોજના (૧૯૬૬-૬૯) | ૨૦૫ | ૨૧૬ |
| ૪ | ચોથી પંચવર્ષીય યોજના (૧૯૬૯-૭૪) | ૪૫૫ | ૫૪૫ |
| ૫ | પાંચમીપંચવર્ષીય યોજના (૧૯૭૪-૭૮) | ૧૧૭૦ | ૧૦૦૫ |
| ૬ | વાર્ષિક યોજના (૧૯૭૮-૮૦) | ૭૨૭ | ૮30 |
| ૭ | છઠ્ઠી પંચવર્ષીય યોજના (૧૯૮૦-૮૫) | 3૭૬૦ | 3૮૪૯ |
| ૮ | સાતમીપંચવર્ષીય યોજના (૧૯૮૫-૯૦) | ૬૦૦૦ | ૬૬૬૮ |
| ૯ | ૧૯૯૦-૯૧ | ૧૪૫૧ | ૧૫૬૨ |
| ૧૦ | ૧૯૯૧-૯૨ | ૧૭૫૦ | ૧૮૨૧ |
| ૧૧ | આઠમી પંચવર્ષીય યોજના (૧૯૯૨-૯૭) | ૧૧૫૦૦ | ૧૧૬૫૮ |
| ૧૨ | નવમી પંચવર્ષીય યોજના (૧૯૯૭-૨૦૦૨) | ૨૮૦૦૦ | ૨૭૦૭૨ |
| ૧૩ | ૧૯૯૭-૯૮ | ૪૫૦૦ | 3૯૦૫ |
| ૧૪ | ૧૯૯૮-૯૯ | ૫૪૫૦ | ૫3૪૪ |
| ૧૫ | ૧૯૯૯-૨૦૦૦ | ૬૫૫૦ | ૬૪૯૨ |
| ૧૬ | ૨૦૦૦-૨૦૦૧ | ૭૦૧૦ | ૫૯૭૪ |
| ૧૭ | ૨૦૦૧-૨૦૦૨ | ૬૫૦૦ | ૫3૫૭ |
| ૧૮ | દસમી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૨૦૦૭) | ૪૭૦૦૦ | ૪૯૪૧૬ |
| ૧૯ | ૨૦૦૨-૨૦૦3 | ૬૦૦૦ | ૫૪૦3 |
| ૨૦ | ૨૦૦3-૨૦૦૪ | ૬૭૪૦ | ૮૪૫૫ |
| ૨૧ | ૨૦૦૪-૨૦૦૫ | ૮૬૧૦ | ૯૭3૯ |
| ૨૨ | ૨૦૦૫-૨૦૦૬ | ૧૧૦૦૦ | ૧૧૪3૪ |
| ૨3 | ૨૦૦૬-૨૦૦૭ | ૧૨૫૦૪ | ૧૪3૮૪ |
| ૨૪ | અગિયારમી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨) | ૧૨૮૫૦૦ | - |
| ૨૫ | ૨૦૦૭-૨૦૦૮ | ૧૬૦૦૦ | ૧૫૬૮૦ |
| ૨૬ | ૨૦૦૮-૨૦૦૯ | ૨૧૦૦૦ | ૨૧૭૬૪ |
| ૨૭ | ૨૦૦૯-૨૦૧૦ | ૨3૫૦૦ | ૨3૧૬૧ |
| ૨૮ | ૨૦૧૦-૨૦૧૧ | 30000 | 300૯૭ |
| ૨૯ | ૨૦૧૧-૨૦૧૨ | 3૮૦૦૦ | 3૪૬૫૯ |
| 30 | બારમી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭) | ૨૮3૬૨3 | - |
| 3૧ | ૨૦૧૨-૨૦૧3 | ૫૧૦૦૦ | ૫૦૯૯૦ |
| 3૨ | ૨૦૧3-૨૦૧૪ | ૫૮૫૦૦ | - |

**પ્રાપ્ત સ્થાન: સંક્ષિપ્ત અંદાજપત્ર ૨૦૧3-૧૪**

૩.૨ રાજ્યની વાર્ષિક/પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન નાણાંકીય જોગવાઇઓમાં ઉત્તરોત્તર ખૂબજ મોટા પ્રમાણમાં વધારો થઇ રહેલ છે. યોજના હેઠળની નાણાંકીય જોગવાઇમાં ઉત્તરોત્તર ખૂબ જ મોટા પ્રમાણમાં થતાં જંગી નાણાંકીય રોકાણનું કેટલા પ્રમાણમાં વળતર મળે છે અને યોજનાના હેતુઓ કેટલે અંશે બર આવે છે. એની મૂલવણી કરી સમયાંતરે યોજનાઓના માળખામાં જરૂરી સુધારા-વધારા કરવા આવશ્યક થઇ પડે છે. આ બાબત ધ્યાનમાં લઇ સંતુલિત આર્થિક વિકાસ માટે યોજનાના મૂલ્યાંકનની આવશ્યકતા સરકારશ્રીએ સ્વીકારેલ છે.

## ૪. ગુજરાત રાજ્યમાં મૂલ્યાંકન તંત્ર

### ૪.૧ મૂલ્યાંકન સંકલન સમિતિ:-

**૪.૧.૧** મૂલ્યાંકન અભ્યાસોની કામગીરીના આયોજન, વિનિયમન,માર્ગદર્શન વિગેરે માટે મૂલ્યાંકન સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ અગ્ર સચિવશ્રી (આયોજન)ના વડપણ હેઠળ કામગીરી કરે છે. જેમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ થાય છે.

(૧) અગ્ર સચિવશ્રી (આયોજન),સામાન્યછ વહીવટ વિભાગ

(૨) અગ્ર સચિવશ્રી નાણા વિભાગ,

(૩) નિયામકશ્રી,મૂલ્યાંકન કાર્યાલય

(૪) નાયબસચિવશ્રી(વિનિયમન)સામાન્યવહીવટવિભાગ(આયોજન)(સભ્ય સચિવ)

(૫) બે મહિલા પ્રતિનિધિશ્રી

**૪.૧.૨** મૂલ્યાંકન અભ્યાસના મુસદ્દા અહેવાલની ચર્ચા સમયે જે તે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીને પણ આમંત્રણ આપવામાં આવે છે.

**૪.૧.૩** મૂલ્યાંકન સંકલન સમિતિ નીચે મુજબના કાર્યો કરે છે.

(૧) મૂલ્યાંકન અભ્યાસ માટે કાર્યક્રમ યોજનાની પસંદગી કરવી.

(૨) ખાતાકીય મૂલ્યાંકન સમિતિએ ભલામણ કરેલ અહેવાલોને મંજુરી આપવી

(૩) મૂલ્યાંકન અહેવાલની ભલામણો પર જે તે વિભાગ ધ્વાનરા લેવાયેલ અનુવર્તી પગલાંઓઅંગેનીસમીક્ષા કરવી

(૪) મૂલ્યાંકન અભ્યાીસોમાં જરૂરી માર્ગદર્શન આપવું.

## ૪.૨ <u>ખાતાકીય મૂલ્યાંકન સમિતિઃ-</u>

**૪.૨.૧** સચિવાલયના વિવિધ વિભાગોમાં ખાતાકીય મૂલ્યાંકન સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ થાય છે.

(૧) સચિવશ્રી ,(સંબંધિત વિભાગ)

(૨) સંબંધકર્તા ખાતાના વડાશ્રી

(૩) નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલય

(૪) નાયબ સચિવશ્રી (વિનિયમન), સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)

(૫) નાણાંકીય સલાહકારશ્રી ,(સંબંધિત વિભાગ)

(૬) વિભાગના નાયબ સચિવશ્રી (આયોજન) જે સભ્ય સચિવશ્રી તરીકેકામગીરી બજાવે છે.

**૪.૨.૨** આ ઉપરાંત જે તે કાર્યક્રમ/યોજના સાથે સંકળાયેલ વિભાગના સંબંધિત/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રીને ખાસ આમંત્રિત તરીકે બોલાવવામાં આવે છે.

### ૪.૨.૩ <u>ખાતાકીય મૂલ્યાંકન સમિતિ નીચે મુજબના કાર્યો કરે છે-</u>

(૧) મૂલ્યાંકન અભ્યાસ પરત્વેના અહેવાલના મુસદ્દા પર ચર્ચા કરી તેને આખરી કરવા અંગેના સૂચનો કરવા અને મુસદ્દા અહેવાલને મંજુરી આપવી.

(૨) મંજુર થયેલ અહેવાલમાં દર્શાવેલ ભલામણો પર લેવાના પગલાંની સમીક્ષાકરવી.

## ૪.૩ <u>મોનીટરીંગ સમિતિઃ-</u>

**૪.૩.૧** મોનીટરીંગ સેલની કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખવા અને તેને માર્ગદર્શન આપવા રાજ્ય કક્ષાએ મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ થાય છે.

(૧)અધિક મુખ્ય સચિવશ્રી (આયોજન),સામાન્ય વહીવટ વિભાગ અધ્યક્ષશ્રી

(૨)અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ સભ્યશ્રી

(૩)અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સભ્યશ્રી

(૪)સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ સભ્યશ્રી

(૫)નાયબ સચિવશ્રી (આયોજન),સામાન્ય વહીવટ વિભાગ સભ્યશ્રી

(૬)નાયબ સચિવશ્રી (વિનિમયન),સામાન્ય વહીવટ વિભાગ સભ્યશ્રી

(૭)નિયામકશ્રી,મોનીટરીંગ અને મૂલ્યાંકન,ગુજરાત રાજ્ય,ગાંધીનગર સભ્ય સચિવશ્રી

સભ્ય સચિવશ્રી દ્વારા, મોનીટરીંગ સમિતિ દ્વારા સોંપવામાં આવતી તમામ પ્રકારની કામગીરી કરવાની છે.

## ૪.૩.૨ મોનીટરીંગ સમિતિના કાર્યો નીચે મુજબ છે.

(૧) મોનીટરીંગ સેલની કામગીરી માટે આયોજીત યોજનાઓ પસંદ કરવી.

(૨) મોનીટરીંગ સેલની કામગીરીને અવલોકનમાં લઇ સમીક્ષા કરવી.

(૩) મોનીટરીંગ સેલની કામગીરીમાં જરૂરી માર્ગદર્શન આપવું.

## ૪.૪ વહીવટી વ્યવસ્થા:-

**૪.૪.૧** વર્ષ ૧૯૬૫ થી રાજ્યમાં મૂલ્યાંકન કાર્યાલયની સ્થાપના બાદ આ કાર્યાલય કચેરીના વડા તરીકે કામગીરી બજાવતું હતું. પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૯/૭/૯૧ ના ઠરાવ નં.એએકે/૧૦૯૦/૩૨૮૭/એસ થી નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલયને ખાતાના વડા તરીકે જાહેર કરતાં આ કાર્યાલય ખાતાના વડાની કચેરી તરીકે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી કરે છે. મૂલ્યાંકન કાર્યાલયનું મહેકમ રાજ્યકક્ષા પુરતું સિમિત છે. જિલ્લા/તાલુકા કક્ષાએ કોઇ અલગ મહેકમ નથી.

**૪.૪.૨** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન મૂલ્યાંકન કાર્યાલય હસ્તકની આયોજન અને આયોજન બહારની યોજનાઓ હેઠળ મંજુર થયેલ ૮૪ જગ્યાઓ પૈકી ૪૭ જગ્યાઓ કાર્યાલયના કાયમી મહેકમ હેઠળની અને ૩૭ જગ્યાઓ હંગામી મહેકમ હેઠળ મંજુર થયેલ હતી. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન અલગ અલગ યોજના/સદર હેઠળ મંજુર થયેલ જગ્યાઓની વિગતો પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ છે.

**૪.૪.3** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના અંતે કાર્યાલયના મહેકમ માટે મંજુર થયેલ કુલ ૮૪ જગ્યાઓ પૈકી ૩૫(૪૨%) જગ્યાઓ ભરાયેલ હતી. જ્યારે ૪૯(૫૮ %) જગ્યાઓ ખાલી રહી હતી.ખાલી રહેલ ૪૯ જગ્યાઓ પૈકી વર્ગ-૧ના અધિકારીની ૫ જગ્યાઓ,વર્ગ-૨ના અધિકારીની ૭ જગ્યાઓ, વર્ગ-૩ના કર્મચારીઓની ૩૩ જગ્યાઓ અને વર્ગ-૪ના કર્મચારીઓની ૪ જગ્યાઓ ખાલી હતી. વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન આ કાર્યાલયમાં ફરજ બજાવેલ અધિકારીશ્રીઓની યાદી પરિશિષ્ટ-૨ માં દર્શાવેલ છે.

## ૫. <u>મૂલ્યાંકન કાર્યાલયની કામગીરીઃ-</u>

**૫.૧** સર્વાંગી વિકાસના મૂળભૂત અભિગમને અનુરૂપ રાજ્યમાં હાથ ધરવામાં આવેલ વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો/યોજનાઓના વિસ્તરણને કારણે આયોજનની પ્રક્રિયામાં મૂલ્યાંકન કામગીરીનું મહત્વ દિનપ્રતિદિન વધતું રહ્યું છે.

### <u>મૂલ્યાંકન અભ્યાસોની કામગીરીઃ-</u>

**૫.૨** કાર્યાલયમાં મૂલ્યાંકન અભ્યાસની કામગીરી માટે કાર્યાલય હસ્તકના મહેકમને જુદી જુદી મોજણી શાખાઓમાં વિભાજીત કરી દરેક શાખાને મૂલ્યાંકન અભ્યાસો સોંપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કાર્યાલયના મહેકમને કુલ ૪ જેટલી મોજણી શાખાઓમાં વહેંચવામાં આવેલ હતું. જે અંગેની વિગતવાર માહિતી પરિશિષ્ટ-૩ માં દર્શાવેલ છે. આ ઉપરાંત કાર્યાલયની વહીવટી કામગીરી માટે એક વહીવટી શાખા તથા રોકડ શાખા પણ કામ કરી રહી છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન હસ્તકના થયેલ કામગીરીની વિગતો નીચે મુજબ છે.

**૫.3** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ની શરૂઆતમાં એટલેકે તા.૦૧/૦૪/૨૦૧૨ના રોજ ૨૦ મૂલ્યાંકન અભ્યાસો મૂલ્યાંકન પ્રક્રિયાના વિવિધ તબક્કે હાથ ઉપર હતા જેની વિગતો નીચે મુજબ છે.

| અ નં | યોજના/કાર્યક્રમ/અભ્યાસનું નામ | તા.૦૧/૦૪/૨૦૧૨ ના રોજની પરિસ્થિતિ |
|---|---|---|
| ૧ | કુટિર જ્યોત યોજના | ક્ષેત્રિય કામગીરી પ્રગતિમાં છે. |
| ૨ | માનવ કલ્યાણ યોજના | અહેવાલનો મુસદ્દા અહેવાલ સૂચનો/ અવલોકન અર્થે સંબંધિત કચેરીને મોકલેલ છે. |
| ૩ | વોટરશેડ ડેવલોપમેન્ટ પ્રોગામ | ખાતાકિયમૂલ્યાંક્ન સંકલન સમિતિની મંજુરી અર્થે |
| ૪ | શ્રમયોગી યોજના | સંબંધિત કચેરીના સુચનો અર્થે |
| ૫ | ગાય પગલા જુથ પાણી પુરવઠા યોજના | સંબંધિત કચેરીના સુચનો અર્થે. |
| ૬ | વનોડા જુથ પાણી પુરવઠા યોજના | સંબંધિત કચેરીના સુચનો અર્થે |
| ૭ | રાષ્ટ્રીય ખેતી વિમા યોજના | ક્ષેત્રિય કામગીરી પ્રગતિમાં છે |
| ૮ | પંડિત દિનદયાળ આવાસ યોજના | અહેવાલ લેખનના તબક્કે પ્રગતિમાં |
| ૯ | માનવ ગરિમા યોજના | અહેવાલ લેખનના તબક્કે પ્રગતિમાં |
| ૧૦ | ગરીબ કલ્યાણ મેળા | અહેવાલ લેખનના તબક્કે પ્રગતિમાં |
| ૧૧ | અનુસૂચિત જાતિના લોકોને દૂધાળા પશુઓના દૂધ ઉત્પાદન ક્ષમતા વૃધ્ધિ કરવાની હેલ્થ પેકેજ સહાય યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ | કોષ્ટીકરણ અને પૃથ્થકરણના તબક્કે |
| ૧૨ | ધોરણ-૮માં ભણતી આદિજાતિની છોકરીઓ માટે વિદ્યા સાધના હેઠળ સાયકલ ભેટ યોજના | આયોજન તબક્કામાં છે. |
| ૧૩ | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના(મનરેગા) | સ્ટડી ડીઝાઇન તૈયાર કરી સંબંધિત કચેરીને મંજુરી અર્થે |
| ૧૪ | ઉની ગાલીચા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર | ક્ષેત્રિય કામગીરી માટે તૈયાર |
| ૧૫ | ગ્રામોધોગ વિકાસ કેન્દ્ર | સ્ટડી ડીઝાઇન તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં |
| ૧૬ | વન બંધુ કલ્યાણ યોજના | સ્ટડી ડીઝાઇન તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં |

| | | |
|---|---|---|
| ૧૭ | ગુજરાત જમીન વિકાસ નિગમ તરફથી આદીવાસી વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલ કામગીરીનો અભ્યાસ | સ્ટડી ડીઝાઇન તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં |
| ૧૮ | ખાદી ગ્રામોદ્યોગ લોન સહાય યોજના<br>(અ) ખાદી પોલી વસ્ત્રના છૂટક વેચાણ પર વળતર (રીબેટ) આપવાની યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ<br>(બ) ખાદી પોલી વસ્ત્રના કંતાઇ-વિશેષ વણકરી સાધન સહાય યોજનાનો અભ્યાસ | આયોજન તબક્કામાં છે. |
| ૧૯ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ અને કમિશનર કુટિર ઉદ્યોગ તરફથી આદિવાસી વિસ્તારોમાં છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ કામગીરીનું મૂલ્યાંકન (વાજપાઇ બેંકેબલ યોજના) | આયોજન તબક્કામાં છે. |
| ૨૦ | ટોટલ સેનીટેશન કેમ્પેઇન યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ | સંબંધિત કચેરી પાસે માહિતી માગેલ છે. |

આમ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન કુલ ૨૦ મૂલ્યાંકન અભ્યાસો મૂલ્યાંકન પ્રક્રિયાના વિવિધ તબક્કે હાથ ઉપર હતા.

## ૫.૪. મૂલ્યાંકન પ્રક્રિયાના તબક્કાઓ-

૫.૪.૧ મૂલ્યાંકન અભ્યાસની પ્રક્રિયામાં મુખ્યત્વે નીચેના તબક્કાઓનો સમાવેશ થાય છે.

(૧) અભ્યાસનું આયોજન

(૨) અભ્યાસ માટેની કાર્યપધ્ધતિ, પ્રશ્નાવલી તથા પત્રકો તૈયાર કરવા

(૩) ક્ષેત્રકાર્ય માહિતી એકત્રીકરણને લગતી કામગીરી

(૪) કોષ્ટીકરણ તથા પૃથ્થકરણને લગતી કામગીરી

(૫) પ્રાથમિક મુસદ્દા અહેવાલ લેખન

(૬) અહેવાલના મુસદ્દા પર સંબંધિત ખાતાના સૂચનો મેળવવા

(૭) અહેવાલના મુસદ્દા પર સંબંધિત ખાતા તરફથી મળેલ સૂચનોને આધારેઅહેવાલમાં જરૂરી સુધારા-વધારા કરી અહેવાલ તૈયાર કરવો.

(૮) સુધારેલ અહેવાલ ખાતાકીય મૂલ્યાંકન સમિતિમાં રજુ કરવો તથા ખાતાકીય મૂલ્યાંકન સમિતિમાં થયેલ ચર્ચાને આધારે અહેવાલમાં જરૂરી સુધારા-વધારા કરી સુધારેલ અહેવાલ સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) હેઠળની મૂલ્યાંકન સંકલન સમિતિમાં રજુ કરવો.

(૯) મૂલ્યાંકન સંકલન સમિતિના સૂચનો આધારે અહેવાલ આખરી કરી પ્રસિધ્ધ કરવો

**૫.૫** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન કુલ-૪ મૂલ્યાંકન અહેવાલો પ્રકાશિત કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

૧. કુટિર જ્યોતિ યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ

૨. વોટર શેડ ડેવલોપમેન્ટ પોગ્રામ

3. શ્રમયોગી યોજના

૪. માનવ કલ્યાણ યોજના

**૫.૬** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન માનવ ગરીમા યોજના (ગરીબી નિવારણ કાર્યક્રમ)અભ્યાસ અહેવાલ મૂલ્યાંકન સંકલન સમિતિની મંજુરી માટે રજુ કરવામાં આવેલ.

**૫.૭** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ૨ મૂલ્યાંકન અભ્યાસોના મુસદ્દા અહેવાલ પર સચિવાલયના સંબંધિત વિભાગોની ખાતાકીય મૂલ્યાંકન સમિતિની બેઠકોમાં ચર્ચા થયેલ છે. તેમજ સંબંધિત વિભાગો દ્વારા તેની મંજુરી આપવામાં આવેલ છે. સદરહુ બેઠકોમાં સંબંધિત અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રીઓ તથા ખાતાના વડાઓ દ્વારા હેતુપૂર્ણ અને ખૂબ જ વિગતવાર ચર્ચાઓ થયેલ અને અહેવાલના તારણો તથા ભલામણો સંબંધિત વિભાગો તથા ખાતાઓને ઘણા ઉપયોગી જણાયેલ, આ અભ્યાસોની યાદી નીચે મુજબ છે.

૧. વનોડા રીજીયોનલ વોટર સપ્લાય સ્કીમ

૨. અનુસૂચિત જાતિના લોકોને દૂધાળા પશુઓના દૂધ ઉત્પાદન ક્ષમતા વૃધ્ધિકરવાની હેલ્થ પેકેજ સહાય યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ (એ.એન.એચ-૮)

**૫.૮** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ૪ મૂલ્યાંકન અભ્યાસોના મુસદ્દા અહેવાલો સચિવાલયના સંબંધિત વિભાગોને ખાતાકીય મૂલ્યાંકન સમિતિની બેઠકમાં ચર્ચા માટે મોકલવામાં આવેલ છે. જેની યાદી નીચે મુજબ છે.

૧. ગરીબ કલ્યાણ મેળા

૨. રાષ્ટ્રીય ખેતી વીમા યોજના

૩. ગાય પગલા રીજીયોનલ વોટર સપ્લાય સ્કીમ

૪. પંડિત દિન દયાળ આવાસ યોજના (સા.શૈ.પ.વિ) (બી.સી.કે.૧૧૯)

**૫.૯** હાથ પરના અભ્યાસો પૈકી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ૨ મૂલ્યાંકન અભ્યાસોની ક્ષેત્રકાર્ય/માહિતી એકત્ર કરવાને લગતી કામગીરી કરવામાં આવેલ તથા કોષ્ટીકીકરણ અને પૃથ્થકરણની કામગીરી પ્રગતિમાં છે. જેની વિગત નીચે મુજબ છે.

૧. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર

૨. ગુજરાત જમીન વિકાસ નિગમ તરફથી આદિવાસી વિસ્તારમાં હાથધરવામાં આવેલ કામગીરીનું મૂલ્યાંકન હેઠળ ચાર યોજનાઓSLC-3, SLC-4, SLC-5, SLC-25 નો મૂલ્યાંકન અભ્યાસ.

**૫.૧૦** મૂલ્યાંકન અભ્યાસની કામગીરી અભ્યાસના આયોજનથી શરૂ કરી અભ્યાસનો અહેવાલ પ્રસિધ્ધ કરવા સુધીના વિવિધ તબક્કાઓમાં વહેંચાયેલી છે. આ પૈકી અભ્યાસ માટે યોજનાની પસંદગી થયા બાદ અભ્યાસનું આયોજન, ક્ષેત્રકાર્ય/માહિતી એકત્રીકરણને લગતી કામગીરી,

કોષ્ટકીકરણ અને પૃથ્થકરણ તથા અહેવાલનો પ્રાથમિક મુસદ્દો તૈયાર કરવો જેવા અગત્યના તબક્કાઓ છે અને આ તબક્કાઓ સુધીમાં મૂલ્યાંકન કાર્યાલય હસ્તકની કામગીરી મહદઅંશે પૂર્ણ થઇ જાય છે. પ્રાથમિક મુસદ્દો તૈયાર થઇ ગયા બાદ યોજનાનો અમલ કરતા ખાતાના સૂચનો મેળવી તેમાં જરૂરી સુધારા કરી સુધારેલ મુસદ્દા અહેવાલ પર ખાતાકીય મૂલ્યાંકન સમિતિમાં ચર્ચા થયા બાદ ચર્ચાના આધારે જરૂર જણાય તો મુસદ્દા અહેવાલમાં જરૂરી ફેરફાર કરી તે પરત્વે મૂલ્યાંકન સંકલન સમિતિની મંજુરી મેળવી અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ૨ મૂલ્યાંકન અભ્યાસોના મુસદ્દા અહેવાલ લેખનની કામગીરી પૂર્ણ કરી સંબંધિત કચેરીઓને સૂચનો માટે મોકલવામાં આવેલ, જે નીચે મુજબ છે.

૧. વનોડા જુથ પાણી પુરવઠા યોજના

૨. અનુસૂચિત જાતિના લોકોને દૂધાળા પશુઓના દુધ ઉત્પાદન ક્ષમતા વૃધ્ધિ કરવાની હેલ્થ પેકેજ સહાય યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ (એ.એન.એચ.૮)

વધુમાં ૩ મૂલ્યાંકનના મુસદ્દાઅહેવાલ લેખનની કામગીરીના તબક્કે હોય તેવા અભ્યાસો જે નીચે મુજબ છે.

૧. ઉની ગાલીચા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર

૨. ધોરણ-૮માં ભણતી આદિજાતીની છોકરીઓ માટે વિદ્યા સાધના હેઠળ સાયકલ ભેટ

3. Impact Evaluation of MGNREG Scheme

**૫.૧૧** હાથ પરના અભ્યાસો પૈકી વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ૪ મૂલ્યાંકન અભ્યાસો આયોજન તબક્કે છે.

**૧. ખાદી ગ્રામો  દ્યોગ લોન સહાય યોજના**

(અ) ખાદી પોલી વસ્ત્રના છૂટક વેચાણ પર વળતર (રીબેટ) આપવાની યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ

(બ) ખાદી પોલી વસ્ત્રના કંતાઇ-વિશેષ વણકરી સાધન સહાય યોજનાનો અભ્યાસ

૨. વનબંધુ કલ્યાણ યોજનામાં ચાર વર્ષની થયેલ કામગીરી ,ગુણવત્તા અને ઉપયોગીતા અંગે મૂલ્યાંકન (સ્વચ્છ પીવાના પાણીની યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ)

૩. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ અને કમિશનર કુટિર ઉદ્યોગ તરફથી આદિવાસી વિસ્તારોમાં છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ કામગીરીનું મૂલ્યાંકન (વાજપાઇ બેંકેબલ યોજના)

૪. ટોટલ સેનીટેશન કેમ્પેઇન યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ

**૫.૧૨** તા.૩૧-૦૩-૨૦૧૩ના રોજની મૂલ્યાંકન અભ્યાસોના વિવિધ તબક્કાઓની પરિસ્થિતિ દર્શાવતી યાદી પરિશિષ્ટ-૪માં દર્શાવવામાં આવેલ છે.

**ગુજરાત સામાજીક આંતર માળખાકિય વિકાસ બોર્ડ સોસાયટી(GSIDBS)**ને વિના ટેન્ડરે અભ્યાસો સોંપવામાં થયેલ કામગીરી

**૫.૧૩** સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ (આયોજન), ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:૧૦૨૦૦૮-૨૪૧૪-ઠ થી રાજ્યના માનવ વિકાસ સૂચક આંકની વૃધ્ધિને અનુલક્ષીને વિકાસ યોજનાઓના સર્વેક્ષણ/મૂલ્યાંકનના અસરકારકતાના અભ્યાસો ગુજરાત સામાજીક આંતર માળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી (GSIDBS)ને વિના ટેન્ડરે સોંપવાનો સૌ પ્રથમ વાર નિર્ણય કરવામાં આવેલ. કોઇપણ એજન્સીને Third Party Evaluationની કામગીરી સોંપવા માટે માન. અધિક મુખ્ય સચિવશ્રી (આયોજન) ના અધ્યક્ષ સ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલયની સભ્ય સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના તા.૨૯/૦૮/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક સઅબ-૧૦૨૦૦૯-૧૦૧૯૪-ઠ થી વિના ટેન્ડરે માનવ વિકાસ સબંધી અભ્યાસો હાથ ધરવા ૧૧ જેટલા તજજ્ઞોની પસંદગી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સમિતિની વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન કુલ ૭ બેઠકો મળેલ છે.
સમિતિ દ્વારા કુલ ૭ દરખાસ્તોને મંજુરી આપવામાં આવેલ છે.

**<u>મોનીટરીંગ સેલની કામગીરી-</u>**

**૫.૧૪** સરકારશ્રીના જુદા જુદા વિભાગ/ખાતા દ્વારા આયોજીત યોજનાઓનું અમલીકરણ થાય છે. નક્કી કરેલ માપદંડ પ્રમાણે યોજનાકીય આંકડાકીય માહિતીનું એકત્રીકરણ કરી અપેક્ષિત હેતુઓ પ્રમાણે નાણાકીય જોગવાઇ,ખર્ચ તથા લક્ષ્યાંક પ્રમાણે પરિપૂર્ણ થાય છે કે નહી અને તેની વિકાસની પ્રક્રિયા પર થતી અસર જાણવા માટે યોજનાઓના મોનીટરીંગની આવશ્યકતા રહે છે.

**૫.૧૫** સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) દ્વારા સરકારશ્રીના જુદા જુદા વિભાગ/ખાતા દ્વારા આયોજીત યોજનાઓ પૈકી જે યોજનાઓની મોનીટરીંગની કામગીરી સોંપવામાં આવે તે યોજનાઓના હેતુ મુજબ માહિતીના એકત્રીકરણમાં માહિતી ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક ધોરણે થયેલ પ્રગતિની સમિક્ષા તથા તેમાં જો પ્રગતિ લક્ષ્યાંક મુજબ ના હોઇ તો પ્રગતિ ધીમી થવાના કારણો વગેરેની સમીક્ષા કરવામાં આવી રહેલ છે. મોનીટરીંગ સરકારશ્રીને નીતિ વિષયક નિર્ણય લેવામાં પણ ઉપયોગી થાય છે. જેથી ઉકત કામગીરી અર્થે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૪/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:અદજ-૨૦૦૬- ૨૬૩૮-સ થી રાજ્ય કક્ષાએ મૂલ્યાંકન તંત્રને સંગીન બનાવવા માટે મોનીટરીંગ સેલની રચના કરવામાં આવેલ છે અને તેની નીચે મુજબની કુલ ૧૨ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦3/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક:અઅક-૧૦૨૦૦૮-૨૫૧-સ થી તા.૨૮/૦૨/૨૦૧૪ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે.
જે પૈકી સંયુકત નિયામકની ૧ જગ્યાને સ્થગિત હંગામી જગ્યા તરીકે તા.૨૮/૦૨/૨૦૧૪ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે.

| **અ.નં.** | **જગ્યાનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | સંયુક્ત નિયામક | ૧ |
| ૨ | નાયબ નિયામક | ૨ |
| 3 | સંશોધન અધિકારી | ૪ |
| ૪ | સંશોધન મદદનીશ (ફીક્સ વેતન) | ૫ |
| **કુલ** | | **૧૨** |

**૫.૧૬** આ મહેકમ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ ના વર્ષમાં વાર્ષિક વિકાસ કાર્યક્રમમાં લેવામાં આવેલ જોગવાઇઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ.

**૫.૧૭** આ પૃથ્થકરણના પરિણામોના આધાર તરીકે લઇ, પ્રથમ તબક્કે કૃષિ અને સહકાર વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓની કચેરી દ્વારા અમલી કરવામાં આવેલ, તદ્દનુસાર, આ ૧૩ ખાતાના વડા દ્વારા અમલી બધી જ યોજનાઓ માટેના પ્રગતિ અહેવાલો ત્રિમાસિક ધોરણે મંગાવવામાં આવેલ અત્રેની કચેરી દ્વારા આ પ્રગતિ અહેવાલોનો અભ્યાસ કરી જે યોજનાઓની પ્રગતિ મંદ જણાતી હોય તેવી યોજનાઓ પરત્વે સંબંધિત વિભાગનું વિશેષ ધ્યાન દોરી તે માટે જરૂરી પગલાં લેવા ભલામણ સહ જણાવવામાં આવેલ. આમ,ચાલુ વર્ષે ૨૦૧૨-૧૩ દરમ્યાન ૧૩ ખાતાના વડાઓની યોજનાઓનું સાતત્યપૂર્ણ મોનીટરીંગ હાથ ધરવામાં આવેલ છે.

**૫.૧૮** આ મોનીટરીંગ સેલની મદદથી ૧૦૦ મૂલ્યાંકન અભ્યાસોના અહેવાલનો પરિચય, તેના તારણો અને ભલામણો સારને સંગ્રહ સ્વરૂપે એકત્રિત કરી એક કમ્પેડીયમ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ તેને પુસ્તક સ્વરૂપે પ્રસિધ્ધ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

**૫.૧૯** આ ઉપરાંત મૂલ્યાંકન કાર્યાલય દ્વારા મૂલ્યાંકન હેતુ માટે પસંદ કરવાની યોજનાઓ માટેની પાયારૂપ કામગીરી આ મોનીટરીંગ સેલની કામગીરી છે. તેમજ નિયામકશ્રી, મૂલ્યાંકન, ગુજરાત સામાજીક આંતર માળખાકીય વિકાસ બોર્ડના સભ્ય સચિવ તરીકે જે કામગીરી કરે છે. તે સંબંધિત કામગીરી પણ આ મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવે છે.

**૫.૨૦ <u>ફ્લેગશીપ/મીશનમોડ કાર્યક્રમ</u>**

માન.મુખ્ય સચિવશ્રીની સુચનાનુસાર રાજ્યની ફલેગશીપ/મીશનમોડ યોજનાઓના નિયમીત તથા ઊંડાણપુર્વકના મોનીટરીંગ અર્થે વિવિધ ૧૨ વિભાગો સાથેના સંકલનમાં મૂલ્યાંકન કાર્યાલય દ્વારા કુલ ૩૯ કાર્યક્રમોના પત્રકોનું ઘડતર કરવામાં આવેલ છે. સદર પત્રકોમાં પ્રતિમાસ નિયમીત રીતે યોજનાની પ્રગતિની વિગતો જે તે વિભાગ દ્વારા ઓન લાઇન ભરાય તે માટેનો સુગ્રથીત કાર્યક્રમ તૈયાર થઇ રહેલ છે. આ સમગ્ર પક્રિયાની દોરવણી સામાન્ય વહીવટ વિભાગના નેતૃત્વ હેઠળ મૂલ્યાંકન કાર્યાલયે સંભાળેલ છે.

## ૬. નાણાંકીય ખર્ચ:-

**૬.૧** મૂલ્યાંકન કાર્યાલય માટે વર્ષ ૨૦૧૨-૧૩ની નાણાંકીય જોગવાઇ તથા ખર્ચની સદરવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સદરની વિગત | સુધારેલ જોગવાઇ (રૂ.લાખમાં) | ખરેખર ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંક: ૩૪<br>૩૪૫૪-વસતિ ગણતરી, મોજણી અને આંકડા<br>૦૨-મોજણી અને આંકડા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-મૂલ્યાંકન નિયામકની કચેરી<br>(આયોજન બહાર) | ૭૯.૭૨ | ૭૯.૭૦ |
| ૨ | ૩૪૫૧-સચિવાલય આર્થિક સેવાઓ,<br>૯૦-સચિવાલય,<br>(૩)-પીએલએમ-૨ રાજ્ય કક્ષાએ મૂલ્યાંકન તંત્રને સંગીન બનાવવું.<br>(આયોજન બહાર) | ૧૪.૭૯ | ૧૪.૭૮ |
| ૩ | ૩૪૫૧-સચિવાલય આર્થિક સેવાઓ,<br>૯૦-સચિવાલય,<br>(૩)-પીએલએમ-૨ રાજ્ય કક્ષાએ મૂલ્યાંકન તંત્રને સંગીન બનાવવું. (આયોજન) | ૪૨.૫૮ | ૪૨.૫૬ |
| ૪ | ૨૨૨૫-અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ<br>૦૨-આદિજાતિ વર્ગોનું કલ્યાણ<br>૭૯૬- આદિજાતિવિસ્તાર પેટા યોજના<br>(૩૪)-વુદિધ કેન્દ્રો અંગેનો ખર્ચ<br>(આયોજન બહાર) | ૯.૬૦ | ૯.૫૯ |
| **કુલ** | | **૧૪૬.૬૯** | **૧૪૬.૬૩** |

**૬.૨** ઉપરની વિગતો પરથી જોઇ શકાય છે કે, મૂલ્યાંકન કાર્યાલય હેઠળ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન કુલ રૂ.૧૪૬.૬૯ લાખની જોગવાઇ સામે રૂ. ૧૪૬.૬૩ લાખનો ખર્ચ થયેલ છે.

## ૭. <u>મૂલ્યાંકન કાર્યાલયની અન્ય કામગીરીઃ-</u>

### ૭.૧ <u>કાર્યાલયનું નિરીક્ષણ:-</u>

**૭.૧.૧** સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય, ગાંધીનગર દ્વારા મૂલ્યાંકન કાર્યાલયનું વર્ષ-૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન વાર્ષિક વહીવટી નિરીક્ષણ તા.૧૭/૦૫/૨૦૧૨ના રોજ કરવામાં આવેલ હતું. આ નિરીક્ષણ દરમ્યાન કાર્યાલયની વહીવટી બાબતમાં કોઇ  ક્ષતિ કે અનિયમિતતા જણાયેલ ન હતી.

### ૭.૨ <u>પર્સનલ કોમ્પ્યુટરનો ઉપયોગઃ</u>

**૭.૨.૧** કાર્યાલય હસ્તક ૩૭ પર્સનલ કોમ્પ્યુટર્સ છે,તેમજ ૧ લેપટોપ છે. જેનો કાર્યાલયની દરેક કામગીરી માટે ઉપયોગ કરવામાં આવે છે જે કામગીરી માટે પર્સનલ કોમ્પ્યુટર્સનો ઉપયોગ કરવામાં આવેલ છે તે પૈકી મુખ્ય કામગીરીઓને લગતી વિગતો નીચે મુજબ છે.

(૧) કાર્યાલય દ્વારા વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલ મૂલ્યાંકન અભ્યાસોને લગતી સ્ટડી ડિઝાઇન, ક્ષેત્રિય કામગીરી માટેના પ્રશ્નાવલી પત્રકો તૈયાર કરવામાં આવ્યા, ભરેલા પત્રકોની ડેટા એન્ટ્રીની કામગીરી ,મૂલ્યાંક્ન અહેવાલ લેખન કામગીરી સબબ સમરી ટેબલો તૈયાર કરવામાં આવેલ.

(૨) મૂલ્યાંકન અભ્યાસોના પ્રાથમિક અને આખરી મુસદ્દાઓને પર્સનલ કોમ્પ્યુટર્સ પર લેવામાં આવેલ.

(૩) મોનીટરીંગ સેલની કામગીરીમાં જુદી જુદી કચેરીઓના ત્રિમાસિક પ્રગતિ અહેવાલની માહિતીને યોજનાવાર આંકડાઓનું સંકલન કરી નાણાંકીય તથા ભૌતિક સિધ્ધિના આંકડાઓનું પૃથ્થકરણ કરી યોજનાવાર પ્રગતિની કામગીરી કોમ્પ્યુટર પર લેવામાં આવેલ.

(૪) કાર્યાલયના અધિકારી/કર્મચારીઓના માસિક પગાર બીલો, પે-સ્લીપો તથા એરીયર્સ બીલો, હવાલા ભથ્થા બીલો વિગેરે તૈયાર કરવામાં આવેલ.

(૫) જરૂરી હિસાબી પત્રકો તથા વહીવટી માહિતી પત્રકો તથા વહીવટી હુકમો તૈયાર કરવા તથા કાર્યાલયની કામગીરીને લગતા તમામ પત્રવ્યવહાર કોમ્પ્યુટર પર કરવામાં આવેલ.

## ૭.3 તાલીમઃ-

૭.3.૧ કાર્યાલયના નીચેના અધિકારીઓને વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન તાલીમ માટે મોકલવામાં આવ્યા હતા.

| ક્રમ | તાલીમનો વિષય | તાલીમ આપનાર સંસ્થાનું નામ | તાલીમનો સમયગાળો | અધિકારીનું નામ | હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આંકડાકીય રીફ્રેશર તાલીમ | સરદાર પટેલ લોકપ્રશાશન સંસ્થા (સ્પીપા) અમદાવાદ | તા.૧૧/૪/૧૨ થી તા.૧૩/૪/૧૨ | શ્રી એન.જી.પટેલ | સંશોધન અધિકારી |
| ૨ | પોઝીટીવ એટીટ્યુડ એન્ડ પોઝીટીવ થીંકીગ | સરદાર પટેલ લોકપ્રશાશન સંસ્થા (સ્પીપા) અમદાવાદ | તા.૧૮/૬/૧૨ થી તા.૨૦/૬/૧૨ | શ્રી પી.આર.જોષી | સંશોધન અધિકારી |
| ૩ | ટીમ બિલ્ડીંગ એન્ડ મોટીવેશન | સરદાર પટેલ લોકપ્રશાશન સંસ્થા (સ્પીપા) અમદાવાદ | તા.૨/૭/૧૨ થી તા.૪/૭/૧૨ | શ્રીમતી એલ.આર.કક્કડ | નાયબ નિયામક |
| ૪ | બારમી પંચવર્ષિય યોજના | સરદાર પટેલ લોકપ્રશાશન સંસ્થા (સ્પીપા) અમદાવાદ | તા.૧૭/૧/૧૩ થી તા.૧૯/૧/૧૩ | શ્રીમતી એલ.આર.કક્કડ | નાયબ નિયામક |
| ૫ | હ્યુમન ડેવલોપ મેન્ટ | સરદાર પટેલ લોકપ્રશાશન સંસ્થા (સ્પીપા) અમદાવાદ | તા.30/૧/૧૩ થી તા.3૧/૧/૧૩ | શ્રીમતી એલ.આર.કક્કડ | નાયબ નિયામક |

## પરિશિષ્ટ-૧

## મૂલ્યાંકન કાર્યાલય, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માં યોજના/સદર હેઠળ મંજુર થયેલ જગ્યાઓની વિગત

| ક્રમ | યોજના/સદરનું નામ | જગ્યાઓની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૧ | મૂલ્યાંકન કાર્યાલયની કાયમી જગ્યાઓ | ૩ | ૨ | ૩૭ | ૫ | ૪૭ |
| | **કુલ કાયમી (અ)** | ૩ | ૨ | ૩૭ | ૫ | ૪૭ |
| ૨ | પી.એલ.એમ,૨ રાજ્ય કક્ષાએ મૂલ્યાંકન તંત્રને સંગીન બનાવવું (આયોજન) (હંગામી) | - | ૧ | ૧ | - | ૨ |
| ૩ | પી.એલ.એમ,૨ રાજ્ય કક્ષાએ મૂલ્યાંકન તંત્રને સંગીન બનાવવું (આયોજન બહાર) (હંગામી) | ૧ | ૧ | ૬ | ૧ | ૯ |
| ૪ | મૂલ્યાંકન કાર્યાલયના સંખ્યાબળને સંગીન બનાવવું (આયોજન બહાર) (હંગામી) | ૧ | - | ૧ | - | ૨ |
| ૫ | મૂલ્યાંકન કાર્યાલયની ક્ષેત્રિય કામગીરી માટે ક્ષેત્રદળ ઉભું કરવું (આયોજન બહાર) (હંગામી) | - | - | ૧ | - | ૧ |
| ૬ | આદિજાતિ વિસ્તાર પેટા યોજના (આયોજન બહાર) (હંગામી) | ૧ | - | ૨ | - | ૩ |
| ૭ | રાજ્ય કક્ષાએ મૂલ્યાંકન તંત્રને સંગીન બનાવવા મોનીટરીંગ સેલનું મહેકમ (આયોજન) (હંગામી) | ૩ | ૪ | ૫ | - | ૧૨ |
| ૮ | એક ડ્રાઇવર તથા બે પટાવાળા (હંગામી) | - | - | ૧ | ૨ | ૩ |
| ૯ | રાજ્ય આયોજન યુનિટની રચના કરવા બાબત. [૩૪૫૪ (આયોજન)] | - | ૧ | ૪ | - | ૫ |
| | **કુલ હંગામી (બ)** | ૬ | ૭ | ૨૧ | ૩ | ૩૭ |
| | **કુલ સરવાળો (અ+ બ)** | ૯ | ૯ | ૫૮ | ૮ | ૮૪ |

## પરિશિષ્ટ-૨

## મૂલ્યાંકન કાર્યાલય, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન ફરજબજાવેલઅધિકારીશ્રીઓની યાદી

| ક્રમ | અધિકારીનું નામ | હોદ્દો | ફરજ બજાવેલી મુદત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી આર.એન.પંડ્યા | નિયામક | તા.૦૧/૦૪/૨૦૧૨ થીતા.૨૬/૦૬/૨૦૧૨ |
| ૨ | શ્રી પી.બી.મછાર | નિયામક | તા.૨૭/૦૬/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૨ |
| ૩ | શ્રી આર.એન.પંડ્યા | નિયામક (ઇ.ચા) | તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૨૧/૧૨/૨૦૧૨ |
| ૪ | શ્રી પી.કે.પારેખ | નિયામક | તા.૨૨/૧૨/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ |
| ૫ | શ્રી એસ.વી.ચુડાસમા | નાયબ નિયામક (ઇ.ચા.સં.નિ.) | તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ |
| ૬ | શ્રીમતી એલ.આર.કક્કડ | નાયબ નિયામક | તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ |
| ૭ | શ્રી એમ.વી.પટેલ | નાયબ નિયામક | તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ |
| ૮ | શ્રી એન.જી.પટેલ | સંશોધન અધિકારી | તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ |
| ૯ | શ્રીમતી એસ.આર.ખરાડી | સંશોધન અધિકારી | તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા.૧૭/૦૯/૨૦૧૨ |
| ૧૦ | શ્રી પી.આર.જોષી | સંશોધન અધિકારી | તા.૦૧/૦૪/૨૦૧૨ થી તા.૩૧/૦૩/૨૦૧૩ |

# પરિશિષ્ટ-૩

## મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી , ગુજરાત રાજ્ય ગાંધીનગરનું વહિવટી માળખુ દર્શાવતો તખ્તો (તા.૩૧/૩/૨૦૧૩ના રોજ)



## પરિશિષ્ટ-૪

## તા.૩૧/03/૨૦૧૩ના રોજની મૂલ્યાંકનઅભ્યાસોના વિવિધ તબક્કાઓની પરિસ્થિતિ દર્શાવતી યાદી

| અ.નં | યોજના/કાર્યક્રમ/અભ્યાસનું નામ | ૩૧/03/૨૦૧૩ના રોજની પરિસ્થિતિ |
|---|---|---|
| ૧ | કુટિર જ્યોત યોજના | જુન-૨૦૧૨માં પ્રકાશિત કરવામાં આવેલ છે. |
| ૨ | વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ | ઓકટોબર ૨૦૧૨માં પ્રકાશિત કરવામાં આવેલ છે |
| ૩ | શ્રમયોગી યોજના | પ્રકાશિત કરવામાં આવેલ છે. |
| ૪ | માનવ કલ્યાણ યોજના | પ્રકાશિત કરવામાં આવેલ છે. |
| ૫ | માનવ ગરિમા યોજના | મૂલ્યાંકન સંકલન સમિતિની બેઠક માટે સા.વ.વિને દરખાસ્ત કરેલ છે. |
| ૬ | ગરીબ કલ્યાણ મેળા | ખાતાકિય મૂલ્યાંકન સમિતિની બેઠક માટે મોકલેલ છે. |
| ૭ | રાષ્ટ્રીય ખેતી વિમા યોજના | ખાતાકિય મૂલ્યાંકન સમિતિ બોલાવવા સંબંધિત વિભાગ ને મોકલેલ છે. |
| ૮ | ગાય પગલા જૂથ પાણી  પુરવઠા યોજના | મુસદ્દા અહેવાલ ખાતાકિય મૂલ્યાંકન સમિતિ માટે સંબંધિત વિભાગને મોકલેલ છે. |
| ૯ | પંડિત દીનદયાળ આવાસ યોજના (સા,શૈ.પ.વિ) | ખાતાકિય મૂલ્યાંકન સમિતિ બોલાવવા સંબંધિત વિભાગ ને મોકલેલ છે. |
| ૧૦ | વનોડા જૂથ પાણી પુરવઠા યોજના | મુસદ્દા અહેવાલ સંબંધિત કચેરીને સૂચનો અર્થે |
| ૧૧ | અનુસૂચિત જાતિના લોકોને દૂધાળા પશુઓના દૂધ ઉત્પાદન ક્ષમતા વૃધ્ધિ કરવાની હેલ્થ પેકેજ સહાય યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ (એ.એન.એચ-૮) | મુસદ્દા અહેવાલ સંબંધિત કચેરીને સૂચનો અર્થે |
| ૧૨ | ઉની ગાલીચા તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર | અહેવાલ લેખનની કામગીરી પ્રગતિમાં |

| અ.નં | યોજના/કાર્યક્રમ/અભ્યાસનું નામ | ૩૧/૦૩/૨૦૧૩ના રોજની પરિસ્થિતિ |
|---|---|---|
| ૧૩ | ધોરણ-૮માં ભણતી આદિજાતીની છોકરીઓ માટે વિદ્યા સાધના હેઠળ સાયકલ ભેટ | અહેવાલ લેખનની કામગીરી પ્રગતિમાં |
| ૧૪ | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના (મનરેગા) | કોષ્ટીકરણ તથા અહેવાલ લેખનની કામગીરી સમાંતરે ચાલુ છે. |
| ૧૫ | ગ્રામોદ્યોગવિકાસ કેન્દ્ર | કોષ્ટીકરણ માટે ડેટા એન્ટ્રીની કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૬ | ગુજરાત જમીન વિકાસ નિગમ તરફથી આદિવાસી વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલ કામગીરીનો અભ્યાસ | ક્ષેત્રીય કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૭ | ખાદી ગ્રામોદ્યોગલોન સહાય યોજના<br>(અ) ખાદી પોલી વસ્ત્રના છૂટક વેચાણ પર વળતર (રીબેટ) આપવાની યોજના<br>(બ) ખાદી પોલીવસ્ત્રના કંતાઇ વિશેષ વણકરી સાધન સહાય યોજના | સ્ટડી ડીઝાઇન મંજુરી અર્થે સંબંધિત કચેરીને મોકલેલ છે.<br>સ્ટડી ડીઝાઇન તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે. |
| ૧૮ | ટોટલ સેનીટેશન કમ્પેઇન યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ | અભ્યાસ પડતો મૂકવા માટે સા.વ.વિને દરખાસ્ત કરેલ છે. |
| ૧૯ | વન બંધુ કલ્યાણ યોજનામાં ચાર વર્ષની થયેલ કામગીરી , ગુણવતા અને ઉપયોગીતા અંગે મૂલ્યાંકનઅભ્યાસ | પ્રાથમિક માહિતી મળેલ જેના આધારે સ્વચ્છ પીવાના પાણીની યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવાની પ્રગતિમાં છે. |
| ૨૦ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમએ કમિશ્નર કુટિર ઉદ્યોગ તરફથી આદિવાસી વિસ્તારોમાં છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ કામગીરીનું મૂલ્યાંકન | વાજપાઇ બેકેંબલ યોજનાનો અભ્યાસ હાથ ધરવા સ્ટડી ડીઝાઇન મંજુરી અર્થે મોકલેલ છે. |